SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 1. “ચંપાની કળીઓમાં કસ્તુરી" માં ઉત્તર ગુજરાતના કડવા પાટીદારોની લોકસંસ્કૃતિ

ડૉ. વિનયકાન્ત પરમાર

ડૉ. અમૃત પટેલની કલમેથી લોકસાહીત્યનાં ઘણાં સંપાદનો મળયા છે. જે પૈકી “ ચંપાની કળીઓમાં કસ્તુરી”માં તેઓએ લોકવિદ્યાથી માંડીને લોકગીતનું સ્વરૂપ, એના વિવિધ પ્રકાર, ધ્રુવ પંક્તિની દ્રષ્ટિએ, પાઠની દ્રષ્ટિએ સામાજીક સદર્ભની તથા ભાષાકીય દ્રષ્ટિએ લોકગીતના સ્વરૂપ પર સારો ગહન અને સહુ પ્રથમ વાર ગુજરાતી લોકસાહીત્યના ઈતિહાસમાં લોકગીત સ્વરૂપની ચર્ચા કરતું આ સહુ પ્રથમ સ્વતંત્ર પુસ્તક છે. ઐતિહાસિક સંશોધન ગ્રંથ છે.

લોકગીતનો વિપુલ ફાલ, એના અસંખ્ય વિષયો અને પ્રકારો હોઈ એના વર્ગીકરણનું કામ કપરૂ હોય છે. જે પાર પાડવાનો નોંધપાત્ર પ્રયાસ અહીં સંપાદકશ્રીએ કર્યો છે. તેમણે અહી લોકગીતના પ્રકારોની ચર્ચા કરતા રણજિત રામ મહેતા, ઝવેરચંદ મેઘાણી, ખોડીદાસ પરમાર વગેરે લોકસાહિત્યનાં ઉત્તમ અભ્યાસીઓના હવાલા આપીને લોકગીતના વિવિધ પ્રકારોની શાસ્ત્રીય છણાવટ કરી છે. સ્ત્રીઓનાં તો અસંખ્ય લોકગીતો છે જ. પરંતુ પુરૂષ સમુહમાં કે સમાજમાં ગવાતાં ભવાઈ, સલોકા, હુડા, દુહા વગેરેની પણ અહીં રસપ્રદ છણાવટ થઈ છે. એમણે આ લોકગીતોના મુખ્ય આઠ પ્રકાર પાડ્યા છે. જેમાં દેશ, જાતિ, વય, લિંગ, ધર્મ, માનવકલા, ઋતુ વગેરે સાત પ્રકાર ઉપરાંત લોકગીતના સ્વરૂપ પર આધારિત આઠમાં પ્રકારમાં લોકોર્મિગીતો.

Folk lyrics થી માંડીને લોક મહા કાવ્ય :

Folk Epic સુધીના પ્રકારોનો સમાવેશ થાય છે. આ મુખ્ય પ્રકારોનો સમાવેશ થાય છે. આ મુખ્ય પ્રકારોના પણ કેવા હોઈ શકે એનું પણ અહીં સંદષ્ટાંત સ્પષ્ટ કર્યું છે.

નવ લેખના અને એકસો પિસ્તાળીસ પેજના આ સંપાદનના ચતુર્થ લેખ “કથાગીતઃ ગીતકાથા સ્વરૂપ વિચાર” માં તેમણે લોકગીતના આ પેટા પ્રકાર પર પણ ઉત્તમ પ્રકાશ પાડ્યો છે. અંગ્રેજીમાં જેને Balled કહે છે તેને આપણે કથાગીત કે રાસડો કહીએ છીએ. એમાં કથા-પ્રસંગ મુખ્ય હોય છે. બીજે ક્રમે સંગીત આવે છે. આ પ્રકારનાં સામાન્ય અને વિશિષ્ઠ લક્ષણો સંપાદકે અહીં ચર્ચ્યાં છે. ખંડકાવ્યથી એ કઈ રીતે અલગ તરી આવે છે. તે ચર્ચી સંપાદકે તેને કથાના અંશોવાળું ગીત” કહીને ઓળખાવ્યું છે. આ પદ્ય પ્રકારને તેમણે ગદ્યરચના નવલિકા સાથે સરખાવ્યો છે. આમ છતાં આ બન્ને વચ્ચેની વિસંવાદિતા પણ સ્પષ્ટ કરી છે. નવલીકા ગદ્યને તો રાસ-ડો પદ્યનો પ્રકાર છે. નવલીકા નાટ્યાનુક્રમે લખી શકાય પણ ગીત કથા—કથાગીતમાં કાલાનુક્રમ મુજબ ગતિ જોવા મળે છે. એટલું જ નહિ એનો અંત પણ મોટે ભાગે કરૂણ હોય છે.

મધ્યકાલીન પદ્યવાર્તાઓ કે આખ્યાનોમાં પાત્રોનાં રૂપવર્ણનો રૂઢી મુજબ રૂઢ મળે છે

તેમ કથાગીતમાં પણ કેટલાક ઘટકોમાં સમાનતા-રૂઢતા જોઈ શકાય. દા.ત., પાત્રનું ઘર શોધે છે તે અંગે લગભગ સમાન નિરૂપણ જોવા મળે છે.

સંપાદકે અહીં કેટલાક સામાજિક Balled પદેશ ભેદ, જાતિભેદ વગેરેને લીધે એમાં બદલાતાં શબ્દોનો ઉલ્લેખ કરી ભાષાવિજ્ઞાનની દ્રષ્ટિએ પણ તેમની ચકાસણી કરી છે જે આસ્વાધ છે.

તો પંચમલેખ “કંઠસ્થ ઋતુગીત સ્વરૂપ ચર્ચા” માં સંપાદકશ્રીએ ઋતુગીતો શી રીતે અને શા માટે અસ્તિત્વમાં આવ્યા હશે, એની પ્રાપ્તિના સ્ત્રોતો કયા હશે? વગેરે અંગે આ ગીતોના વિવિધ પ્રકારો અંગે પણ વિશદ સમજ આપી છે.

ઋતુગીતનો લોકપ્રિય પ્રકાર “બારમાસી” અંગે અહીં વિશદ ચર્ચા છે. નારીની વિરહ વ્યથાને રજૂ કરતા આ કાવ્યપ્રકારમાં વિપ્રલંભ શૃંગારનું ગાન છે. વિવિધ કારણોસર એ સમયે નારીને પતિનો વિયોગ સહેવો પડતો. આવી નારીના હ્યદય ના વિવિધ માનોભાવો આ પ્રકારનાં કાવ્યોમાં કેવી રીતે રજૂ થયા છે. એનું રસપ્રદ નિરૂપણ અહીં છે. આ કાવ્યપ્રકારની એનાં લક્ષણો સહિતની સદ્રષ્ટાત સમજ અહીં છે. ફાગણ માસમાં ગવાયેલ હોળીના ઉત્સવના ગીતમાં નાયિકા કહે છે.

‘જેઠ મહિને તડકા ઘણા રે...
અષાઠ આઈન ઉમટશે રે...

ગોકુળ આવો સરી રોમજી રે !'

અહીં એ વાત આપણને સ્પર્શી જાય છે કે નાયિકા અહીં રામજીને ગોકુળ અર્થાત્ પોતાના પતિદેવને ઘરે આવવા ભલે નિમંત્રતી હોય પરંતુ તેની ચેતનામાં તો રામ અને કૃષ્ણ ઘર અને ગોકુળ અનન્ય એકરૂપતાને પામ્યાં છે. આમ ઋતુગીતોનું આહલાદક સૌંદર્ય અને નારી હૃદયના વિવિધ ભાવો ખરેખર મર્મસ્પર્શી છે.

પ્રસ્તુત સંપાદનનાં આગળના લેખ '‘લોકગીત અને ધ્રુવપંક્તિ'માં સંપાદકે સમગ્ર રચનાને એકસૂત્રે ગૂંથતી ધ્રુવપંક્તિ, એના વિવિધ પ્રકાર અને લોકગીતમાં એની મહત્વની ભૂમિકા વિશે વિશદ અને રસપ્રદ ચર્ચા કરી છે.

ધ્રુવપંક્તિએ લોકગીતનો પાયો છે એની પુનરાવૃત્તિથી ગીતમાં મુખ્ય ભાવ ઘૂંટાય છે. તેથી ગીત સંગીત યુક્ત બને છે અને ભાવવિકાસ પણ સધાય છે. વળી આ ધ્રુવપંક્તિ સરળ, સહજ, ઝટ હોઠે ચડી જાય તેવી અને હૈયે રમ્યા કરે તેવી હોય છે. તો સચોટ-ચોટદાર પણ હોય છે. આવી ધ્રુવપંક્તિ, ધ્રુવક્કી તથા છટાના વિવિધ લટકણિયાંઓ અંગે પણ સંપાદકે અહીં સદ્રષ્ટાંત સમજ આપી છે.

એક લોકગીતની ત્રણ પંક્તિવાળી ધ્રુવકડી 'મારા વાલા !'' ચંપોની કળીઓમાં કસ્તુરી' પરથી સંપાદકે આ સંપાદનનું નામ પસંદ કર્યું હોય એમ લાગે છે. આ ધ્રુવ કડીવાળા બે ગીતો આ સંપાદનમાં છે.

પાંચ પંક્તિની ધ્રુવકડીનું આ ગીત જોઈએ.

'બોલો બોલો ન લાડકાં રોંણી રે,<br>
તમન નિત મનાવશી કુણ રે !<br>
મનાવશી સરી ભગવોંને રે !<br>
મારા જવું સ ગોકુળ ગામ રે<br>
મારે રે'વું સ ગોકુળ ગામ રે'

અહીં પ્રથમ બે કડી પતિની ઉક્તિરૂપે હોય અને પછીના ત્રણ કડી પત્નીની ઉક્તિરૂપે પણ હોઈ શકે એમ કલ્પી શકાય એમ છે.

ક્યારેક કુતૂહલથી શરૂ થતું સામાજિક લોકગીત અંતે કરુંણરસમાં પરિણમે છે એમ બને ત્યારે આરંભ અને અંતની ધ્રુવપંક્તિના અર્થ વચ્ચે આભ-જમીનનું અંતર હોય એમ પણ જોવા મળે છે. આ સંદર્ભે બાર બાર વરસે માડી મું આયો...' લોકગીત જોવા જેવું છે. અહીં કથાગીતના આરંભે માંને ઈન્દ્રરોણી મા !' કહેતો નાયક અંતે પત્નીના કરુણ અવસાનની જાણ થતાં એ જ માતાને 'વેરણ મા !" કહીને સંબોધે છે તો આરંભમાં જે આંબો "મોલોમાં રોપીયો' હતો તે અંતમાં "મોલોમાં આંબો લોઈ ભર્યો' બની રહે છે. આમ અહીં આરંભ અને અંતની ધ્રુવપંક્તિનો ફેરફાર નાયકની મનોદશાને વાચા આપે છે.

ધ્રુવપંક્તિમાં એક જ શબ્દના ફેરફાર દ્વારા નાયિકાના પિયરીમાં પ્રત્યેના લગાવને અને સાસરિયા પ્રત્યેના અલગાવને નીચેના ગીતમાં સરસ વાચા મળી છે.

'મારા દાદાના આંગણ બોરડી<br>
મનમેં નાં લાગુ બોર રે<br>
એ દાદા ચ્યમ વીસર ?<br>
મારા સસરાના આંગણ લેંબડી<br>
મન કડવી લાગે લેંબ રે.<br>
એ સસરો ચ્યમ સાંભર ?'

જો કે અહીં 'મન મેઠાં લાગે બોર રે' એમ હોવું જોઈએ. અહીં લેંબોળીનું 'લેબ" કરતી નાયિકાની ઉક્તિમાં લાઘવ-સ્વરસંકોચ જોઈ શકાય. આ લેખનું અંતિમ કથાગીત કે જેમાં વારંવાર પ્રયોજાયેલ નવટાંકી શબ્દને સંપાદકે આ ગીતકથાના લટકણિયા તરીકે ઓળખાવ્યો છે. પરંતુ અહીં નાયિકા નવટાંક ઘી ઉછીનું લાવે છે અને માત્ર તેટલા જે રેલમછેલ થાય છે તે સંદર્ભમાં 'નવ ટાંકી' શબ્દને માત્ર લટકણિયા તરીકે જ નહીં નાયિકાના કે પ્રસંગના વિશેષણ તરીકે પણ જોઈ શકાય.

આમ, અહીં વિવિધ દૃષ્ટાંત દ્વારા એ તથ્ય થાય છે કે મોટભાગે લોકગીતમાં ગીતનું હાર્દ ધ્રુવપંક્તિમાં સમાયેલું હોય છે. પરંતુ ક્યારેક ધ્રુવપંક્તિનો સંબંધ ગીતના લય હિલ્લોળને ચગાવવા માટે પણ હોય છે. તો ઘણીવાર ઉપર જોયું તેમ ધ્રુવપંક્તિના ફેરફાર દ્વારા નાયક - નાયિકાના મનોભાવ પણ વ્યક્ત થતા જોવા મળે છે.

પ્રસ્તુત સંપાદનના સપ્તમ લેખ 'ભાષાકીય દ્રષ્ટિએ લોકગીત'માં લોકગીતના સંપાદનમાં ધ્યાનમાં રાખવા યોગ્ય બાબતોની વિશદ ચર્ચા છે. આ ઉપરાંત અહીં કેટલાંક લોકગીતોની ગુજરાતની વિવિધ બોલીઓની દૈષ્ટિએ પણ ચર્ચા કરી છે. તો 'પાઠની દષ્ટિએ લોકગીત' એ લાંબા લેખમાં સંપાદકે લોકગીતનાં વિવિધ પાઠાન્તરો અંગે સદષ્ટાંત રસપ્રદ ચર્ચા કરી છે. પ્રાન્તભેદ, પ્રદેશ ભેદ, બોલી ભેદ જેવાં કારણોસર આ પાઠાન્તરો મળે છે. આ ઉપરાંત આ વિવિધ પાઠાન્તરોમાં વ્યક્તિભેદ કે કાળભેદ, સ્મૃતિદોષ કે ઉચ્ચર દોષ વગેરે પણ ભાગ ભજવે છે. એટલું જ નહિ આ પાઠાન્તરો પણ વિવિધ પ્રકારનાં જોવા મળે છે. આરંભભેદ, અંતનો ભેદ, ધ્રુવપંક્તિ ભેદ, લય, ઢાળ આદિ ભેદ વગેરે આ વિવિધ ભેદની પણ સંપાદકે અહીં સદષ્ટાંત ચર્ચા કરી છે.

સંપાદનના અંતિમ લેખ 'સામાજિક સંદર્ભની દષ્ટિએ લોકગીત'માં આ લોકગીતોના સામાજિક સંદર્ભની ચકાસણી કરાઈ છે. કયું ગીત મૂળક્યાનું કોઈ શકે, કઈ કોમનું હોઈ શકે વગેરે અંગે પણ તેઓશ્રીએ તાર્કિક અનુમાનો રજૂ કર્યા છે જે તથ્યપૂર્ણ છે.

આ સંપાદનમાં વિવિધ દષ્ટાંતો માટે લેવાયેલાં લોકગીતો કે ગીતકથાઓ પરથી પણ સામાજિક સંદર્ભ તારવી શકાય એમ છે. મોટેભાગે એમાં સ્ત્રીની કરુણસ્થિતિનો મર્મસ્પર્શી જ નહીં હૈયાને હચમચાવી નાખતો ચિતાર જોઈ શકાય છે. આ અંગે સદષ્ટાંત વાત કરીએ તો 'માતા નવલાં પરુણાં કર્યાના રે...'માં વહુઆરુના મૈયરથી બારબાર વરસે પરુણા આવે છે. વારંવાર પૂછવા છતાં સાસુ તેને આ તથ્ય જણાવતાં નથી તેની માર્મિક વ્યથા આલેખાઈ છે. મહિયરથી આવેલા ભાઈ, કાકા, મામાને વળાવ્યા બાદ તેને આ તથ્યની જાણ થાય છે. એની અંતરને ઓગાળતી વ્યથાગીતના અંતમાં અભિવ્યક્તિ પામી છે. તો પ્રચલિત લોકગીત 'વહુએ વગોવ્યાં મોટાં ખોરડા' થી પણ કરુણગીત અહીં છે. જેમાં લાડુ ખાવાની વહુવારુને પોતાના જ સગાભાઈ દ્વારા મળેલી અત્યંત કપરી સજાની વાત નિરૂપાઈ છે.

જો કે 'મારાવાલા !'થી શરૂ થતાં કે પછી 'સોના ઉંઢોણી રૂપા બેડલું' જેવાં ઘણાં ગીતોમાં નારી હૃદયના ભાવોલ્લાસ પણ રજૂ થયેલા જોઈ શકાય છે. આ અર્થમાં વિવિધ સામાજિક સંદર્ભો આ સંખ્યાબંધ લોકગીતોમાંથી તારવી શકાય. જે એક જુદો જ અભ્યાસ માંગી લે એમ છે.

આ અહીં સંપાદકે આપણને લોકસાહિત્યની લોકગીતોરૂપી ચંપાની કળીઓમાં છુપાયેલી કસ્તુરીની સુવાસનો સુપેરે પરિચય કરાવ્યો છે.

અહીં તેમણે લોકગીતના સ્વરૂપ અને પ્રકારની શાસ્ત્રીય ચર્ચા રસપ્રદ રીતે ગુજરાતી લોકસાહિત્યના ઈતિહાસમા સહુ પ્રથમવાર કરી છે. ઈ.સ. ૧૯૮૨માં થયેલ આ સંશોધનસંપાદનનું પ્રકાશન છેક ઈ.સ. ૯૨માં થયું છે. ગુજરાતી લોકગીતના ઈતિહાસમાં આ મહત્વનું ઉપયોગી અને અગ્રગણ્ય સંપાદન છે. સંપાદકશ્રીએ તાજેતરમાં તેની સંશોધિત આવૃત્તિ પણ પ્રકાશિત કરી છે. જે લોકસાહિત્ય અને લોકગીતના અભ્યાસ માટે અત્યંત ઉપયોગી સંશોધનકાર્ય બની રહે છે.

આમ, આખાય ગ્રંથમાં એકસોને એંશી શ્લોકગીતો જુદા જુદા પ્રસંગોપાત જુદા-જુદા ભાગમાં વહેંચાયેલા છે. જેના મુખ્ય મુખ્ય અંશો અહીં ઉદાહરણ સ્વરૂપે લેવાનો પ્રયત્ન કર્યો છે.

<u>સંદર્ભ :</u>

1. અમૃત પટેલ વ્યક્તિત્વ અને વાઙ્મય : ડૉ. વર્ષા જે. ઠક્કર, પૃ.૭૨ થી ૭૬
2. ચંપાની કળીઓમાં કસ્તુરી : સંપાદક – ડૉ. અમૃત પટેલ
3. લોકસાહિત્ય એક અભ્યાસ : ડૉ. કુમુદ પરીખ